| 10 | 999/2 | 758 | 0-25-46 | 28 | 949 | 1273 | 0-38-56 |
| 11 | 958 | 1069 | 0-27-12 | 29 | 947/1 | 1097 | 0-08-53 |
| 12 | 958 | 1292 | 0-22-44 | 30 | 947/2 | 1098 | 0-09-60 |
| 13 | 959 | 1314 | 0-00-66 | 31 | 948 | 1099 | 0-22-80 |
| 14 | 957 | 1070 | 0-20-44 | 32 | 889/1 | 1208 | 0-29-43 |
| 15 | 962/1 Paiki | 1293 | 0-00-60 | 33 | 888 | 1215 | 0-11-10 |
| 16 | 955/1 | 1291 | 0-13-32 | 34 | 888 | 1214 | 0-46-51 |
| 17 | 955/3 | 1072 | 0-12-82 | 35 | 886 | 1210 | 1-10-14 |
| 18 | 955/1 | 1073 | 0-12-96 | 36 | 887/1 | 1213 | 0-04-80 |
| | | | **Total** | | | | **07-57-60** |

**By Order and inthe name of Governor of Gujarat**

**(P.N.Cahavda)**
**Under Secretary to Government**

**INF/ABD/607/2023**

# પેટલાદમાં રસ્તાઓ ઉપરના ખાડાને રોડા-માટીનું કવચ

## કાઉન્સિલર કામ કર્યાનો સંતોષ માને છે


(તસ્વીરઃ દેવાંગી ઠાકર)

**(પ્રતિનિધિ) પેટલાદ,** પેટલાદ શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી ભારે વરસાદ થયો હતો. જેને કારણે શહેરના મુખ્ય રાજમાર્ગોની બંન્ને બાજુ પાણી ભરાયા હતા. ઉપરાંત શહેરના અનેક રસ્તાઓ ઉપર મસમોટા ખાડાઓ પણ પડી ગયા છે. જેને કારણે વાહન ચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. પરંતુ પાલિકા દ્વારા તો આ ખાડાઓમાં રોડા માટી નાંખી જાણે કે વાહન ચાલકોને સુરક્ષા કવચ પૂરૂં પાડ્યું હોય તેટલો સંતોષ કેટલાક કાઉન્સિલરો માની રહ્યા છે. પાલિકાની આવી કામગીરીથી નગરજનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ પેટલાદમાં એકાદ અઠવાડીયાથી ભારે વરસાદ થયો હતો. જેને કારણે ચાવડી બજાર, નવાપુરા, સ્ટેડીયમ પાસે, કોલેજ ચોકડી, સાંઈનાથ ચોકડી, સેવાસદન, ટાઉનહોલ, સરદાર ચોક, કોર્ટ કેમ્પસ, સ્ટેશન રોડ, જેત્રાના વડ પાસે, નવા ઓવર બ્રિજ પાસે, કાલકાગેટ, પઠાણવાડા, ખોડીયાર ભાગોળ, ખારાકુવા, ખંભાતી ભાગોળ, મલાવ ભાગોળ, દેવકુવા, મિલ્લતનગર વગેરે જેવા વિસ્તારો જળ બંબાકાર થઈ ગયા હતા. તેમાંય સેવા સદન પાસે તો પાલિકાને વરસાદી પાણીનો નિકાલ કરવા ડંકી મૂકવાનો વારો આવી ગયો હતો. જ્યારે શહેરના અનેક રસ્તાઓ પાણી ભરાઈ રહેવાને કારણે ખખડધજ થવા માંડ્યા છે. રસ્તાઓ ઉપર મોટા મોટા ખાડા પડી ગયેલ જોવા મળે છે. આ ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહેવાથી વાહન ચાલકો અકસ્માતનો ભય સેવી રહ્યા છે. જો રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટ બંધ હોય તો પણ રાહદારીઓ અને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાતા હોવાનો રોષ નગરજનો ઠાલવી રહ્યા છે. આ ખાડાઓ પુરવા પાલિકા દ્વારા કામગીરી ગતરોજથી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ ખાડાઓમાં રોડા માટી નાંખતા નગરજનો પાલિકાની કામગીરી સામે પણ આક્રોશ ઠાલવી રહ્યા છે. શહેરના વોર્ડ નંબર પાંચ અને સાત વચ્ચેથી ટાવર - અંબામાતા મંદિરનો રસ્તો પસાર થાય છે. અહીંયાના નગરજનો આક્રોશ સાથે જણાવી રહ્યા છે કે ગત ચૂંટણીમાં આ વિસ્તારના હિન્દુ મતદારોએ ખોબે ખોબે મત આપી વોર્ડ પાંચના ત્રણ સભ્યો અને વોર્ડ સાતના બે સભ્યોને ચૂંટી લાવી ભાજપને આપ્યા છે. છતાં આ વિસ્તારના કોઈ જ કામો સમયસર થતાં નથી. કારણકે વોર્ડ નંબર પાંચના એકપણ કાઉન્સિલરો આ બાજુ નહીં રહેતાં હોવાને કારણે ફરકતા જ નથી??. વોર્ડ નંબર સાતના બે પૈકી એક કાઉન્સિલર સોસાયટીમાં રહે છે, જેથી તેઓ પણ આ બાજુ જોવા જ નથી મળતા. જ્યારે અન્ય એક કાઉન્સિલર નાનામાં નાનું કામ કરે તો પણ તેઓ સોશ્યલ મિડીયા ઉપર ફોટા મૂકી કામ કર્યાનો સંતોષ માને છે. એટલે રજૂઆત કરવી તો પણ કોને કરવી એજ નહીં સમજાતું હોવાનો રોષ સ્થાનિક રહીશો દ્વારા સાંભળવા મળ્યો હતો.

# આત્મા પ્રોજેક્ટ ખેડબ્રહ્મા દ્વારા ખેડવા ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ


(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,** 'આત્મા-પ્રોજેક્ટ' ખેડબ્રહ્મા જિ.સાબરકાઠા દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાન બોર્ડરને અડીને આવેલા ગામ ખેડવા (બોર્ડર) માં 'પ્રાકૃતિક કૃષિ' ની તાલીમ યોજવામા આવી, જેમા ઉપસ્થીત ખેડૂત ભાઈ-બહેનોને આત્મા પ્રોજેક્ટના અધીકારી/કર્મચારીઓ તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનરે પ્રાકૃતિક કૃષિ શું છે, તેનુ મહત્વ, તેનાથી થતા લાભો, પ્રાકૃતિક-કૃષિ ના વિવિધ આયામો જેવાકે બિજામૃત, જીવામૃત, ઘન-જીવામૃત, આચ્છાદન, વાપ્સા વિગેરે વિષે ખૂબજ તલસ્પર્શી માર્ગદર્શન આપ્યુ.આ વિસ્તારમા ખેડૂતોએ મોટે ભાગે હાઈબ્રીડ-કપાસ બિયારણ નુ ઉત્પાદન કરવામા આવે છે તેમા કેવા પકારની કાળજી લેવી, અને ખાસ કરીને રોગ-જીવાતના નિયન્ત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્ર, દશપર્ણી અર્ક વિગેરે બનાવવાની તેમજ તેને ઉપયોગ કરવાની પધ્ધતિ નુ માર્ગદર્શન આપ્યુ.વધુમા ખેડૂતોને પોતાના ખેતરમા મકાઈ, ઘઉં ઉપરોન્ત બાજરી,રાગી, કોદરા જેવા જાડા ધાન્ય પાકો અને શાકભાજી નુ વાવેતર પ્રાકૃતિક પધ્ધતિ થી કરવા અને તેનો ઉપયોગ પરિવારમા ખોરાક તરીકે કરવા સમજ આપી. સાથે સાથે પશુપાલન અધિકારીશ્રી બારાભાઈ દ્વારા પશુપાલન અંગે સરસ માહિતી આપેલ આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા માટે આત્મા-પ્રોજેક્ટના બી.ટી.એમ શ્રી બી.એ.સૂયારીયા, એ.ટી.એમ. શ્રી કે.એચ.પટેલ, એ.ટી.એમ. એમ. એન.શાહ, પશુપાલ ખાતાના એલ.આઈ બારા ભાઈ, ગામના સરપંચ મણીબેન, ખેડૂતમિત્રો વગેરેના સાથ અને સહકારથી આ કાર્યક્રમ સફળ બનાવેલ

# ભરૂચ શહેર અને જિલ્લામાં ભારે વરસાદના કારણે રોડ-રસ્તા ધોવાયા


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,** ચોમાસાની સિઝન શરૂ થતાં જ ભરૂચ શહેરના માર્ગો બિસ્માર બનવા સાથે નંદેલાવ ઓવરબ્રિજ પર મોટા ખાડા પડી જતા સળિયા બહાર નીકળી આવતા વાહન ચાલકો હાલાકીનો સામનો કરી રહ્યા છે.જોકે આ બ્રિજ ઉપરથી રોજના હજારો વાહનો પસાર થયા છે.ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે સમારકામ કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

ચોમાસાની સીઝન જામતી છે.ત્યારે વરસાદના કારણે ભરૂચ શહેર અને જીલ્લાના માર્ગો વરસાદી પાણીના કારણે ધોવાઈ જતા માર્ગ ઉપર ખાડોઓએ સામ્રાજ્ય જમાવ્યું છે.શહેરના વિવિધ વિસ્તારના માર્ગો પડેલા ખાડાઓના કારણે વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે.ત્યારે ભરૂચ શહેરનો પ્રથમ નંદેલાવ ઓવર બ્રીજ પણ અત્યંત ખખડધજ બની ગયો છે.વરસાદની શરૂઆતમાં જ માર્ગ ધોવાઈ જતા તેમાં પડેલાં ખાડાઓ માંથી હવે સળિયા બહાર નિકળી આવ્યા છે.નંદેલાવ બ્રીજ પરથી દહેજ,વિલાયત,સાયખા અને જંબુસર ઓદ્યોગિક વસાહતોમાં રોજના નાના - મોટા વાહનો મળી હજારો વાહનો પસાર થાય છે.ત્યારે બ્રીજની આ સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું સમારકામ નહિ કરવામાં આવતા તંત્ર કોઈ મોટી ઘટનાની રાહ જોઈ રહ્યું હોય એવું અહીં દેખાય રહ્યું છે.જર્જરીત બ્રિજ વધુ જર્જરીત બની ગમે ત્યારે ધસી પડવા સાથે વાહનોમાં પંચર થવા સાથે કેટલાય ટુ વ્હીલર વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની શકે છે તેવો વાહન ચાલકોમાં ભય ઉભો થયો છે.ત્યારે તંત્ર પણ કોઈ મોટી હોનારત સર્જાય તેની રાહ જોઈ બેઠું હોય તેવી લોકોએ દહેશત વ્યક્ત કરી રહ્યા છે અને સાથે જર્જરીત બ્રિજ ઉપરથી પસાર થતાં વાહનોની ગતિ ધીમી થતા સતત ટ્રાફિકજામની સમસ્યા ઉભી થતી હોય છે.જર્જરીત બની ગયેલા બ્રિજ ઉપરથી અત્યંત ભારે અને ઓવરલોડેડ વાહનો પસાર થઈ રહ્યા છે જેના કારણે નંદેલાવ ઓવરબ્રિજ ગમે ત્યારે ધસી પડે તેઓ ભય ઉભો થયો છે.

## નંદેલાવ ઓવર બ્રિજ ઉપર માર્ગ ધોવાતા સળિયા દેખાતા વાહન ચાલકોને અકસ્માતનો ભય

બીજી તરફ વિપક્ષી નેતા સમસાદઅલી સૈયદે ભાજપ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે પાલિકા હોય કે પંચાયતોમાં સમાવિષ્ઠ માર્ગો હોય તમામ માર્ગો વરસાદના પગલે બિસ્માર બન્યા છે અને ખડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.તેમજ પોતાના માનીતા કોન્ટ્રાકટરોને ફાયદો પહોંચાડવા માટે કૃત્ય કરે છે.બિસ્માર માર્ગના પગલે વાહન ચાલકો પરેશાન છે અને પ્રિ મોન્સુન કામગીરીમાં પણ વેઠ ઉતારી લાખો રૂપિયાનું પાણી કરવામાં આવતા ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા માર્ગો બિસ્માર બને છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસુ આવતા જ માર્ગો બિસ્માર બની જતા હોય છે.જેના પગલે વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.તો નંદેલાવ બ્રિજનો ફૂટપાથનો કેટલોક હિસ્સો એક વર્ષ અગાઉ ધરાશાય થતા મોટી દુર્ઘટના સર્જાતા ટળી હતી.જે બાદ તેનું સમારકામ કરવામાં આવ્યું હતું.પરંતુ હવે તો બ્રિજ પરના માર્ગના સળિયા બહાર આવતા તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈને બેઠું હોય તેમ લાગી રહ્યું છે.

# નવોદયની પ્રવેશ પ્રક્રિયાથી વાલીઓ ખફા : ૧૨ પૈકી ૬ વિદ્યાર્થીઓ હજી પણ પ્રવેશથી વંચિત

**(પ્રતિનિધિ) પેટલાદ,** આણંદ જીલ્લાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૬થી પ્રવેશ મેળવવાને લઈ પ્રવેશ વંચિત ૧૨ જેટલા વિદ્યાર્થીઓ માટે વિવાદ સર્જાયો હતો. પ્રવેશ પરિક્ષાનુ પ્રથમ મેરિટ જાહેર થતાં તેમાં આ ૧૨ વિદ્યાર્થીઓના નામ હોવા છતાં તેઓને શાળા દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. જેથી વાલીઓએ ઉચ્ચકક્ષાએ અને સાંસદ સમક્ષ રજૂઆત પણ કરી હતી. ભારે હોબાળો થયા બાદ ૧૨ પૈકી ૬ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવ્યા છે, પરંતુ ૬ વિદ્યાર્થીઓ હજી પણ પ્રવેશ પ્રક્રિયાની આંટીઘૂંટી વચ્ચે અટવાયેલા હોવાથી વાલીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કેન્દ્ર સરકાર સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય સમગ્ર દેશના દરેક જીલ્લાઓમાં કાર્યરત છે?. તે મુજબ આણંદ જીલ્લાની નવોદય વિદ્યાલય ભાદરણ ખાતે કાર્યરત છે. આ શાળામાં ધો.૬થી ૮૦ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ આપવા પરિક્ષા લેવામાં આવે છે. જેમાં જીલ્લાની રૂરલ અને અર્બન શાળાઓના અંદાજીત પાંચ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપે છે. જેનુ પરિણામ આવતા ૮૦ વિદ્યાર્થીઓનુ મેરિટ લીસ્ટ તાજેતરમાં જાહેર થયું હતું. જે પૈકી ૬૮ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ હતી. પરંતુ ૧૨ વિદ્યાર્થીઓને રૂરલ અર્બનના ગૂંચવાડામાં એડમિશનથી વંચિત રહેવું પડ્યું હતું. જેથી ૧૨ વિદ્યાર્થીઓના વાલીઓએ શાળાના આચાર્ય, મામલતદાર, કલેક્ટર, ધારાસભ્યો, સાંસદ સહિત અનેક લોકો સમક્ષ રજૂઆતો કરી હતી. આ ૧૨ વિદ્યાર્થીઓને એડમિશન આપવા રૂરલની શાળામાંથી આવતા હોવાનો પુરાવો આપવો જરૂરી બનતો હતો. જે દરેક વાલીઓએ ધો.૫ની શાળાના આચાર્યનો દાખલો લાવી આપ્યો હતો. ત્યારબાદ શાળાના એક ફોર્મ ઉપર ગ્રામ્ય મામલતદારનો સહી સિક્કો લાવવાનો થતો હોઈ તે મેળવવા પ્રયત્ન કરતા જે તે મામલતદાર નહીં કરી આપતા વાલીઓમાં આક્રોશ ફેલાયો હતો. જેથી આ સમગ્ર બાબતની જાણ સાંસદ મિતેશભાઈ પટેલની ઓફિસે પહોંચ્યો હતો. જ્યાંથી સાંસદે વાલીઓને સાંભળી આચાર્યને એડમિશન આપવા અને મામલતદારને સહી સિક્કા કરી આપવા તાકીદ કરવામાં આવ્યા હતા. જેથી આચાર્યે તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સાંસદને બાંહેધરી આપી હતી. જે અંગેનો વિડીયો પણ સોશ્યલ મિડીયા ઉપર વાયરલ થયો હતો. પરંતુ ત્યારબાદ બીજા દિવસે શાળાના આચાર્ય દ્વારા ૧૨ પૈકી ૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી તેઓની પ્રક્રિયા સંપન્ન કરી હતી. જેથી બાકી રહેલ છ વિદ્યાર્થીઓના વાલીઓએ શાળામાં તપાસ કરતા એક બે દિવસમાં થઈ જવાની હૈયાધારણા આપી હતી. છતાં આજદિન સુધી એ છ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે. જેઓના વાલીઓએ આજરોજ શાળા અને સાંસદની ઓફિસે તપાસ કરતાં આ મામલો હજી પણ ગૂંચવાયેલો હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મેરિટમાં નામ હોવા છતાં શા માટે પ્રવેશ નથી અપાતો ? પ્રવેશ પરિક્ષા પાસ કરી અને મેરિટમાં નામ આવ્યા બાદ જ કેમ આવું ? પ્રવેશ પરિક્ષા માટે કરેલ મહેનતનું શું ? ધો.પની શાળાના આચાર્ય ગ્રામ્યમાં શાળા હોવાનો લેટર આપવા છતાં મામલતદાર શા માટે સહી સિક્કો નથી કરી આપતા ? આવા અનેક પ્રશ્નો જટીલ પ્રવેશ પ્રક્રિયાને લઈ વાલીઓમાં ઉઠવા પામ્યા છે.

## શું રંધાય છે ?

નવોદય વિદ્યાલયમાં પોતાના બાળકને અભ્યાસ કરાવવો એ પણ એક સ્વપ્ર હોય છે. માટે જ વાલીઓ ધો.૫ થી જ પોતાના બાળકને મહેનત કરાવવાનું શરૂ કરે છે. એટલે જ ૮૦ સીટ માટે હજારો વિદ્યાર્થીઓ પરિક્ષા આપે છે. હવે જો આ પરિક્ષા પાસ? કરી મેરિટમાં નામ હોવા છતાં પ્રવેશથી વંચિત રહે તો તે વાલીઓ શું કરે ? ભાદરણ સ્થિત નવોદયમાં હજીપણ પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓના વાલીઓ જણાવી રહ્યા છે કે આજે અમે શાળામાં તપાસ કરી, સાંસદની ઓફિસે પણ પુનઃ રજૂઆત કરી અને મામલતદાર કચેરીનો પણ સંપર્ક કર્યો હતો. પરંતુ મામલતદાર કચેરીએથી એક પત્ર શાળાને સંબોધી મોકલવામાં આવ્યો હતો. જે પત્રમાં કંઈક તૃટીઓ હોવાથી શાળાએ એ પત્ર સાંસદની ઓફિસે મોકલી આપ્યો હોવાનું વાલીએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મામલતદારનો પત્ર શાળાના જ એક કર્મચારીએ રૂબરૂ મેળવ્યો હતો. એટલે વાલીઓમાં પણ આક્રોશ એ વાતનો છે કે હજી પણ આચાર્ય અને મામલતદાર ગ્રામ્ય વચ્ચે શું રંધાઈ રહ્યું હશે ? આ અંગે શાળાની પ્રવેશ પ્રક્રિયા સાથે જોડાયેલ સંજયભાઈનો ટેલિફોનીક સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા તેઓ કોલ કાપી રહ્યા હતા.

# પેટલાદ પાલિકા સભ્યના પતિ દારૂ સાથે પકડાતાં ચકચાર

## માત્ર બે કલાકમાં છુટકારો થતાં આશ્ચર્ય

**(પ્રતિનિધિ) પેટલાદ,** પેટલાદ નગરપાલિકાના એક મહિલા કાઉન્સિલરના પતિ ગતરોજ સાંજે વિદેશી દારૂની બોટલ સાથે પકડાયા હોવાની વાતે ચકચાર મચાવી દિધી હતી. આ મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો, પરંતુ રાજકીય દબાણને કારણે માત્ર બે કલાકમાં ભીનું સંકેલાઈ ગયું હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

મળતી માહિતી મુજબ પેટલાદ નગરપાલિકાના એક મહિલા કાઉન્સિલર ભાજપના મેન્ડેટ ઉપર જીત્યા હતા. તેઓના પતિ ગતરોજ સાંજે ટુ વ્હિલરની ડિકીમાં વિદેશી દારૂની બે બોટલ લઈ કોઈ ગ્રાહકને આપવા જતા હતા. તેઓ ટુ વ્હિલર સાથે ગ્રાહક પાસે પહોંચી એક બોટલ વિદેશી દારૂની આપી અને બીજી બોટલ ડિકીમાં જ હતી. તે સમયે અચાનક એક પોલીસે આવીને ડિકી ખોલાવી ચેક કરી હતી. જેમાંથી વિદેશી દારૂની એક બોટલ મળતા કાઉન્સિલરના પતિને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જ્યાં પહોચતા જ ટાઉન પોલીસ ઉપર નેતાઓના કોલ આવવા શરૂ થઈ ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જેથી પોલીસે માત્ર બે કલાકમાં જ આ કેસનું ભીનું સંકેલી લીધું હોવાની વાત નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ મહિલા કાઉન્સિલરના સસરા પણ ઘણા સમયથી વિદેશી દારૂનો વેપલો કરતા હોવાની વાત ચર્ચાસ્પદ છે?. ઉપરાંત આ ઘટના સંદર્ભે કાઉન્સિલર તથા તેના પતિની સતત રેકી કરી પોલીસને બાતમી આપી કોઈ તેઓના રાજકીય કદને કટ ટુ સાઈઝ કરવાના કાવાદાવા કરતા હોવાની ચર્ચાઓ ટોક ઓફ ધ ટાઉન છે.

# ચરોતર ગેસ દ્વારા અન્ય ડિરેક્ટરોની નિમણુંક કરાઇ



**(પ્રતિનિધિ) આણંદ,** ચરોતર ગેસ સહકારી મંડલી લીમીટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગરના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ દ્વારા ડિરેક્ટરોની ખાલી રહેલ ત્રણ અનામત જગ્યા એટલે કે બે મહિલા અનામત અને એક એસ.સી.એસ.ટી. ની નિમણુંક કરવામાં આવી. ચરોતર ગેસના પેટા નિયમ ૨૫(૧) મુજબ, સરકારના પરિપત્ર અનુસંધાનમાં તેમજ ઓડિટર દ્વારા વારંવાર ધ્યાન દોરવા છતાં અમલ નહી થતાં મંડળીની રચનાથી આજ દિન સુધી ખાલી રહેલ આ ત્રણ જગ્યા પ્રથમ વખત નવા નિમાયેલા ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ દ્વારા બે મહિલા અનામત અને એક એસ.સી.એસ.ટી.ની બહુમતિથી નિમણુંક કરવામાં આવી. જેથી હવે પછી ચરોતર ગેસમાં ૮ ની જગ્યાએ કુલ ૧૧ ડિરેક્ટરોનું બનેલુ બોર્ડ સંચાલન કરશે.

નિમણુંક થયેલ ત્રણ ડિરેકટરોમાં શ્રીમતિ મિનાક્ષીબેન રમેશભાઈ પાઠક (સામાજીક કાર્યકર), શ્રીમતિ કિર્તિબેન ધર્મેન્દ્રભાઈ પટેલ (વ્યવસ્થાપક, એસ.જી.પટેલ આર્યુવેદિક હોસ્પિટલ ન્યુ વલ્લભ વિદ્યાનગર), તથા શ્રી વિનોદભાઈ જીવણભાઈ વસાવા (ખેડૂત/નોકરી) ની ડિરેક્ટર પદે નિમણુંક કરવામાં આવી. આ પ્રસંગે શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ- ચેરમેન, શ્રી વિઠ્ઠલભાઈ એમ. પટેલ- મેનેજીંગ ડિરેક્ટર, શ્રી જયેશભાઈ જે. પટેલ- જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર, શ્રી રમેશભાઈ એચ. શાહ- ડિરેક્ટર તથા શ્રી હસમુખભાઈ એમ. પટેલ-ડિરેક્ટર દ્વારા પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવી નિમણુંક પત્ર આપી આ

# દા ન હ ની સુરંગી પંચાયત ખાતે "સ્વચ્છતા અભિયાન" બાબતે ગ્રામસભા યોજાઈ



(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) સેલવાસ,** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના સુરંગી પંચાયત દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ 'સ્વચ્છતા અભિયાન' ઝૂંબેશ અંતર્ગત અને સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૩ અંતર્ગત "સ્વચ્છતા કી જ્યોત જારી હૈ" ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય હમ સબકો બાંધે સ્વચ્છતા કી ડોર, ચલો બઢે સ્વચ્છ ભારત કી ઔર' જેમા વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી ગ્રામજનોને સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ રાખવા અને કચરો લેવા આવનાર વાહનમાં અલગ અલગ કચરો નાખવા જણાવ્યું હતું અને ગામમાં ગમે ત્યાં સાર્વજનિક જગ્યાએ કચરો નહીં ફેંકવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી.

આ સુરંગી પંચાયતમાં યોજાયેલ ગ્રામસભામાં ગામના સરપંચ શ્રીમતી રંજનબહેન, મંત્રી શ્રી રમેશભાઈ, શ્રી બારકુભાઈ, ગ્રામ પંચાયતના સભ્યો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પારડી સ્થિત ખડકી વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાશે

**(પ્રતિનિધિ) પારડી,** હાલના પ્રદુષિત વાતાવરણ માં પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષોનું વાવેતર કરી વૃક્ષોનું જતન કરવું એ અત્યંત ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકાર વન વિભાગ દ્વારા વધુને વધુ વૃક્ષો નું વાવેતર થાય એવા શુભ હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ હંમેશા કરે છે. ત્યારે વૃક્ષોનો ઉછેર કરવા માટે નેશનલ હાઈવે નંબર ૪૮ ને સમાંતર પશ્ચિમ તરફના સર્વિસ રોડ રેમન્ડ કંપનીની બાજુમાં પારડી તાલુકાના ખડકી ગામમાં સામાજિક વન વિભાગ દ્વારા હજારોની સંખ્યામાં વૃક્ષો વાવેતર માટે ઉછેરવામાં આવી રહ્યા છે.

# સંઘ પ્રદેશ દમણ આટિયાવાડના સરપંચ ઉર્વશીબહેન પટેલે જનસંખ્યા નિયંત્રણ માટે લોકો પાસે માંગેલો નૈતિક સહકાર

**(પ્રતિનિધિ) દમણ,** દમણના પ્રગતિશીલ સ્વચ્છ-સુંદર આટિયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ ઉર્વશીબહેન જયેશભાઈ પટેલે આટિયાવાડ ગ્રામ પંચાયતમાં વિશ્વ જનસંખ્યા દિવસ નિમિત્તેની ગ્રામસભામાં લોકોથી જનસંખ્યા નિયંત્રણમાં રહે તે માટે નૈતિક સહયોગ માગ્યો હતો. દિન પ્રતિદિન જનસંખ્યામાં થતા વધારા થી ઉદભવતા દુષ્પરિણામોથી લોકોને સાવચેત કરવા સરપંચ ઉર્વશી બહેન પટેલ દ્વારા બોલાવેલી વિશેષ ગ્રામસભામા સરપંચશ્રીએ દરેકને પરિવાર નિયોજન અપનાવવા સમજણ આપી હતી . લોકોને જનસંખ્યા વધારા થી થતા નુકસાનો અને તેના નિયંત્રણના ઉપાયો બતાવવાનો સાથે સરપંચશ્રીએ કહ્યું હતું કે જનસંખ્યા વૃદ્ધિના કારણે પ્રાકૃતિક સંસાધનો, શિક્ષણ, જન-સ્વાસ્થ્ય, પરિવહન સેવાઓ, સરકારી જન- કલ્યાણકારી યોજનાઓના કાર્યાન્વયન પર અસર પડે છે. અને પહોંચી વળાતું નથી. હાલમાં ચોમાસાની સિઝનમાં નવા નવા વૃક્ષોના રોપાઓને રોપવા માટે ઘણો અનુકૂળ સમય તેમજ વાતાવરણ હોવા નું જણાવી લોકોને વધુમા વધુ વૃક્ષારોપણ કરવાની અપીલ કરી હતી. સાથે સાથે તેમણે વરસાદની મોસમ માં ફેલાતા રોગચાળા જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા વિગેરે જેનાથી થતી ચોમાસુ સીઝનની અન્ય બીમારીઓથી બચવા લોકોને ઘરે-આંગણે વરસાદી પાણીનું જળ-જમાવડો થતો રોકવા પણ ખાસ જણાવ્યું હતું. સરપંચ ઉર્વશીબહેન પટેલે હેલ્થ સર્વેમાં બાકી રહી ગયેલા લોકોને દાભેલ સ્વાસ્થ્ય કેન્દ્ર પર જઈ નર્સ બહેનો સ્વાસ્થ્ય કર્મચારીઓના સંપર્ક કરવા કહ્યું હતું. વધુમાં અહીં ગ્રામસભામા દાભેલ પીએચસીથી આવેલા ડૉક્ટરો દ્વારા પરિવાર નિયોજન, કેંસર રોગથી બચાવ સહિતના અંગે સમઝાવવામાં આવતી વાતોને ધ્યાનથી સાંભળી અમલ કરવાની વિનંતી કરી હતી. દાભેલ પીએચસીના હેલ્થ ઓફિસર ડૉ. તેજસ પટેલે ફૈમલી પ્લાનિંગ, કેંસર નિર્મૂલન સહિત વાતોની વિસ્તારથી જાણકારી આપી હતી. ડૉ. તેજસ પટેલ ડેન્ગ્યુ, મલેરિયા જેવી મોસમી રોગોને ડામવા જરૂરી માહિતી પણ આપી હતી.

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**

**નામ બદલેલ છે**

મેં મારું નામ **નાઝીયા હુસૈન અને નાઝીયા ખાન** હતું, જે બદલીને **નાઝીયા ઝહીર શેખ** કરેલ છે. જેની નોંધ લેવી.

**સરનામું :** એ-૨, સુરાલય એપાર્ટમેન્ટ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

1937

**TATA MOTORS LIMITED**

Registered Address. Bombay House, 24, Homi Mody Street,, Mumbai Maharashtra 400001
Tel: 022-66658282. Fax: 022-66657799

NOTICE is hereby given that the certificate(s) for the undermentioned securities of the Company has/have been lost/ misplaced and the Holder(s) of the said securities applicant(s) has/have applied to the Company to issue duplicate certificate(s) Any person who has a claim in respect of the said securities should lodge such claim with the Company at its Registered Office within 15 days from this date, else the Company will proceed to issue duplicate certificate(s) without further intimation.

Date : 20-7-23 Place : Ahmedabad

| Name(s) of the holder(s) (and Jt. holder(s),if any | Kind of Securities and face value | No of Securities | Distinctive Numbers |
|---|---|---|---|
| MUKESH BIHARILAL PARIKH<br>BIHARILAL CHUNILAL PARIKH | EQUITY Rs.2 | 1055 | 12242871 to 12243925 |

**Franklin Templeton Mutual Fund**

Cordially invites you for a program under it's **Investor Education and Awareness Initiative.**

Venue :
Sumul`s Master Chef,Sumul Dairy Rd,
Sardar Nagar, Patel Nagar, Surat, 395003

Date: 24th July, 2023
Time: 7.00 p.m.

Contact Person: Jigar Desai (9725043004)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.

All Covid protocols will be followed.

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

**છોટાભાઈ જેઠાભાઈ પટેલ ટોબેકો પ્રોડક્ટ્સ કુ લીમીટેડ**

CJ GROUP

કોર્પોરેટ આઈડેન્ટીફીકેશન નં.: યુ૧૬૦૦૯જીજે૧૯૬૧પીએલસી૦૦૧૧૧૨
રજિસ્ટર્ડ ઓફિસઃ "સી જે હાઉસ" મોટા પોર, નડિયાદ - ૩૮૭૦૦૧, ગુજરાત
ફોનઃ૦૨૬૮૨૫૬૨૬૩૩-૩૫, ઈમેઈલઃ cjtpcl27@gmail.com

**શેરધારકોને નોટીસ**

**ઈક્વિટી શેરોને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ)માં તબદીલ કરવા**

આથી આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રિફંડ) રૂલ્સ, ૨૦૧૬ (આઈઈપીએફ રૂલ્સ) કે જે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા સમયાંતરે અમલ કરવામાં આવે છે, તેના અનુસંધાનમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આઈઈપીએફ રૂલ્સ, તથા અન્ય બાબતોના સંદર્ભમાં દર્શાવેલ જોગવાઈ મુજબ જે શેરધારકોએ સતત સાત વર્ષ સુધી ડિવિડન્ડની રકમ જમા લીધી નથી કે તેના ઉપર દાવો કરેલ નથી તેઓના બધા જ શેરો ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ખાતે તબદીલ કરવાના રહેશે.

આ મુજબ જે શેરધારકોએ ૨૦૧૫ -૧૬ (ફાઈનલ ડિવિડન્ડ) થી સતત સાત વર્ષ સુધી ડિવિડન્ડની રકમ જમા લીધી નથી તેઓના બધા શેરો આઈઈપીએફ ખાતે તબદીલ કરવામાં આવશે.

કંપની દ્વારા તે દરેક શેર ધારકોએ જેમના શેરોને, આ રૂલ્સ અનુસાર આઈઈપીએફ ખાતે તબદીલ કરવાના છે તેઓને અલગથી વ્યક્તિગત રીતે તેમના ઉપલબ્ધ સરનામે પત્રવ્યવહાર મોકલવામાં આવ્યો છે.

શેરધારકો ને વિનંતી સાથે જણાવવાનું કે ડિવિડન્ડની જમા લીધેલ ના હોય તે રકમ અને આઈઈપીએફ ખાતે તબદીલ થઈ ગયેલા શેર અને શેરો ઉપરના બધા જ લાભો જો પરત મેળવવા માંગતા હોય તો તેઓ આઈઈપીએફ ઓથોરીટી પાસેથી આઈઈપીએફ રૂલ્સમાં જણાવેલ પદ્ધતિ અનુસરી ને પરત મેળવી શકે છે.

જે શેરધારકો જેમના શેરો આઈઈપીએફ ખાતે તબદીલ કરવાને પાત્ર છે તેઓ આ નોંધ લઈ લે કે આઈઈપીએફ રૂલ્સ અનુસાર કંપની આ શેરોને આઈઈપીએફ ખાતામાં તબદીલ કરવાના ઉદ્દેશથી અસલ શેર સર્ટિફિકેટની સામે ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ જારી કરશે અને આ શેર જારી થવાથી અસલ શેર સર્ટિફિકેટ જે તેમના નામે નોંધાયેલા છે તે સ્વયં રદ થશે અને તે રદબાતલ માની લેવામાં આવશે. વધુમાં, જે શેરધારકોને શેર ડિમેટ ફોર્મમાં હોય અને જેમના શેરોને આઈઈપીએફ ખાતે તબદીલ કરવાને પાત્ર છે તેઓ આ નોંધ લઈ લે કે આઈઈપીએફ રૂલ્સ અનુસાર કંપની આ શેરોને આઈઈપીએફ ખાતામાં તબદીલ કરવાના ઉદ્દેશથી ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સને જરૂરી ડિલિવરી ઈન્સ્ટ્રક્શન સ્લિપ આપશે.

શેરધારકો ને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ જમા લીધેલ ના હોય તે ડિવિડન્ડની રકમ માટે તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૩ સુધી અથવા એ પહેલા અથવા જો આ મુદત વધારવામાં આવે તો તે મુદત સુધી કંપની અથવા રજિસ્ટ્રારને દાવો કરે, જો તેમાં નિષ્ફળ રહેશે તો આગળ કોઈ પણ નોટીસ આપ્યા વગર તેમના શેરોને આઈઈપીએફ રૂલ્સમાં જણાવ્યા મુજબ જરૂરી કાયદાકીય જોગવાઈઓની પૂર્તતા માટે કંપની દ્વારા આઈઈપીએફ ખાતામાં તબદીલ કરી દેવામાં આવશે.

ઉપરોક્ત વિગત વિશેની વધુ માહિતી માટે કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટનો સંપર્ક કરવા વિનંતીઃ મે. લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ૫ મો માળ, ૫૦૬ થી ૫૦૮, અમરનાથ બિઝનેસ સેન્ટર – ૧ (એબીસી -૧), ગાલા બિઝનેસ સેન્ટરની પાછળ, સેંટ ઝેવિયર્સ કોલેજ કોર્નર નજીક, ઓફ સીજી રોડ, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૬, ટેલીઃ ૦૭૯-૨૬૪૬ ૫૧૭૯, ઈમેલઃ iepf.shares@linkintime.co.in, વેબસાઈટઃ www.linkintime.co.in, અથવા કંપનીના ઓફિસ ઉપર પ્રમાણે.

છોટાભાઈ જેઠાભાઈ પટેલ ટોબેકો પ્રોડક્ટ્સ કુ લીમીટેડ વતી
સહી/-
કિરણ આર. પટેલ
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર
ડિનઃ ૦૦૦૮૧૦૬૧

સ્થળ : નડિયાદ
તારીખ : ૨૧ જુલાઈ, ૨૦૨૩

**આશિમા લીમીટેડ**

કોર્પોરેટ ઓળખ નંબર: L99999GJ1982PLC005253
રજિસ્ટર્ડ ઓફિસ: ટેક્ષલન્સ કોમ્પલેક્ષ, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ – ૩૮૦ ૦૨૧.
ફોન નંબર : +91 79 67777000 ફેક્સ નંબર: +91 79 22773061
વેબસાઈટ: www.ashima.in; ઈ-મેઈલ આઈડી: investor_redressel@ashima.in

**૪૦મી વાર્ષિક સાધારણ સભા અંગેની માહિતી બાબત**

આથી **નોટિસ** આપવામાં આવે છે કે કોર્પોરેટ ઓફિસ મંત્રાલયનાં (એમસીએ) સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે ૨૦૨૦, ૦૨/૨૦૨૧ તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, ૨/૨૦૨૨ તારીખ ૫મી મે, ૨૦૨૨ અને ૧૦/૨૦૨૨ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પરિપત્ર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ 12મી મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ 15મી જાન્યુઆરી, ૨૦૨૧, SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ 13મી મે, ૨૦૨૨ અને SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ (સામુહિક રીતે પરીપત્રો) અને કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ તેમજ નિયમો અનુસાર કંપનીની ૪૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) **શુક્રવાર, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩** નાં રોજ સવારે **૧૧:૩૦ કલાકે** માત્ર વિડિયો કોન્ફરંસીંગ (વિસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરીપત્રોનાં અનુપાલનને ધ્યાનમાં રાખીને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને વાર્ષિક અહેવાલ માત્ર ઈ-મેઇલ દ્વારા એજ સભાસદોને મોકલવામાં આવશે કે જેઓના ઈ-મેઇલ આઇડી કંપની/રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજંન્ટ/ડિપોઝિટરી પાર્ટીસીપેંન્ટસ માં નોંધાયેલ છે. કંપનીની ૨૦૨૨-૨૩ની વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ : www.ashima.in તેમજ બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઇટ : www.bseindia.com અને www.nseindia.com તેમજ સેંટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઇટ : www.evotingindia.com પર પણ મળી રહેશે.

**ઈ-મેઇલ આઈડી નોંધાવવા / સુધારવા બાબત**

૧. કંપનીના જે સભાસદો ફિઝિકલ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી કંપનીમાં અને રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજંન્ટ પાસે રજીસ્ટર કરાવેલ નથી તે સભાસદો તેમનાં ફોલીઓ નંબર, નામ, મોબાઇલ નંબર, તેમજ સેલ્ફ એટેસ્ટેડ પાનકાર્ડ અને આધાર કાર્ડની સ્કેન કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી investor_redressel@ashima.in પર અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજંટ લીંક ઈનટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના ઈ-મેઈલ આઈડી ahmedabad@linkintime.co.in પર મોકલાવીને નોંધાવી/સુધરાવી શકશે.

૨. જે સભાસદો ડિમેટ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી રજીસ્ટર કરવેલ નથી તે સભાસદો તેમના સંબધિત ડિપોઝિટરી પાર્ટિસિપેંટ (ડીપી) નો સંપર્ક કરી ઈ-મેઈલ આઈડી નોંધાવી / સુધરાવી શકશે.

**વાર્ષિક સાધારણ સભા માટે વોટિંગ કરવા અંગે**

વાર્ષિક સાધારણ સભાની નોટિસ માં જણાવ્યા મુજબના કામકાજ અંગે સભાસદો તેમનો વોટ રિમોટ ઈ-વોટિંગ થી અથવા વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઈ-વોટિંગથી પણ આપી શકશે. જે સભાસદો ફિઝિકલ કે ડિમેટ સ્વરૂપમાં શેર્સ ધરાવતાં હોય અને જેમણે પોતાનાં ઈ-મેઈલ આઈડી કંપનીમાં અથવા તેમના સબંધિત ડીપી પાસે રજિસ્ટર્ડ કરાવેલ નથી તે સભાસદો માટે વોટિંગ પ્રક્રિયાની પૂરી માહિતી એજીમ ની નોટિસમાં આપેલ છે.

પરીપત્રોના અનુપાલનને ધ્યાનમાં લઈ ઉપરોક્ત માહિતી સભાસદોના લાભ માટે આપવામાં આવેલી છે. સભાસદો ને વિનંતી કે તેઓ વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને ખાસ કરીને તેમાં જણાવેલી સભામાં ભાગ લેવા કે રિમોટ ઈ-વોટિંગ અને સભા દરમ્યાનના વોટિંગ અંગેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચે.

આશિમા લિમિટેડ વતી

સ્થળ: અમદાવાદ
તારીખ: ૨૧/૦૭/૨૦૨૩

શ્વેતા સુલતાનીયા
કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફીસર